# Kalyan Foundation Trust

(Reg. No.:E/2201/Bhavnagar. Dt.:01/02/2002)


<u>અખબારી યાદી</u>

તા:૨૯/૮/૨૦૧૪

પ્રતિ,
તંત્રીશ્રી .......................................,
ભાવનગર.

નીચેની વિગતો આપના સુપ્રસિધ્ધ દૈનિક પેપરમાં વિના મૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

## પંડિત શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણાનું દેશની આઝાદીની લડાઈમાં યોગદાન સંદર્ભે ક્રાંતી કથાનું આયોજન.

સૌરાષ્ટ્રની ધીંગીધરાના બે શુરવીરો પંડિત શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણાનું અંગ્રજો સામેની આઝાદીની લડાઈમાં અનન્ય યોગદાન છે. જેના ઘણા પાસાઓથી લોકોને વિશેષ જાણકારી મળે તે હેતુથી કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગરના ઉપક્રમે **તા.૧ સપ્ટેમ્બર ૨૦૧૪ને સોમવારના રોજ સાંજે ૫ થી ૭ દરમિયાન યશવંતરાય નાટયગૃહ, ભાવનગર** ખાતે એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે.

ક્રાંતીકારી વીર સાવરકરના જીવન પર સૌ પ્રથમ પી.એચ.ડી. કરનાર દિલ્હી યુનિવર્સિટીના નિવૃત પ્રાધ્યાપક ડૉ.હરીન્દ્ર શ્રીવાસ્તવ એક પ્રખર ચિંતક અને વકતા છે. અનેક દેશોમાં પ્રવાસ કરનાર આ તજજ્ઞ વકતાને માણવા માટે ભાવનગર શહેરના પ્રબુદ્ધ અને શિક્ષિત લોકોને આઝાદીની લડાઈ સંદર્ભેની વિવિધ બાબતો જાણવા માટે ઉપસ્થિત રહેવા માટે કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સૌને જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમ પુરો થયે પંડિત શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહરાણાના જીવન અને કવન અંગેનું સંકલિત કરેલ લખાણ વિતરીત કરવામાં આવશે.

આ કાર્યક્રમનું એક વિશેષ આકર્ષણ એ પણ છે કે ભારત દેશનો સૌ પ્રથમ રાષ્ટ્રધ્વજ જે સરદારસિંહ રાણા અને મેડમ કામા એ ૧૯૦૭ના ઓગષ્ટ મહિનામાં જર્મનીના સ્ટુટગાર્ડ શહેરમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય સમાજવાદી સંમેલનમાં ફરકાવ્યો હતો, તે રાષ્ટ્રધ્વજ ઉપસ્થિત શ્રોતાજનોને દર્શનાર્થે મુકવામાં આવનાર છે.

(ડૉ.ભાવેશ ભરાડ)
મંત્રી
કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ
ભાવનગર


6, Ashtavinayaka City Mall, 2nd Floor, Waghawadi Road, BHAVNAGAR - 364001 (Gujarat - India)
Phone : +91 - 278 - 2524444 E-mail : cscbhavnagar@gmail.com